કોન્ફરું૨૨ ખાસ

# -ઃ જાહેરનામું ઃ-

મુંબઇ પોલીસ અધિનિયમ(સને ૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ ૪૩ (૧) મુજબનો હુકમ.
નંબર./વિશેષશાખા/એ સેકશન/પરમીટ/33 /૨૦૧૪

તા.૧૭.૦૪.૨૦૧૪ થી ૨૮.૦૪.૨૦૧૪ સુધી ઇસનપુર પો.સ્ટે.ની હદમાં આવેલ શાહઆલમ રોજા પાસે ભરાનાર ઉર્સ મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ (સને.૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૪૩(૧) થી મને મળેલ સતાની રુએ ફરમાવું છું કે, નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવા બંધાયેલ છે.

(૧) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઇ વેચી શકશે નહી. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જુરી મદદ પૂરી પાડશે.

(૨) ખાસ નકકી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઇપણ બીજી જગ્યાએ કોઇપણ શખ્સ જાજરુ કે પેશાબ કરશે નહી.

(૩) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચા ની તથા ઠંડા પીણાં અને ખાનપાનની દુકાનો તપાસી શકશે. અને સ્વછતા માટે જુરી સુચનાઓ આપશે. જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૪) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જુર પડે તપાસી શકશે. અને મરકી, શિતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલીક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરોકત નિયમોનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમની સને ૧૯૫૧ ની કલમ ૧૩૯ હેઠળ અને ભારતના ફોજદારી અધિનીયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે

હું આથી આદેશ આપુ છું કે આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડી અમદાવાદ શહેર વિસ્તારમાં લાઉડ સ્પીકર , વાહન દ્વારા , તેમજ સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી

આજ તારીખ-૧૫ માહે. એપ્રિલ સને.૨૦૧૪ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

અમદાવાદ.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:-

૧ અધિક મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજય ગૃહ વિભાગ ગાંધીનગર.

૨ પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.

3. પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે). ગુ.રા.ગાંધીનગર.

૪ મ્યુ.કમિ.શ્રી અમદાવાદ શહેર.

૫ કલેકટરશ્રી અમદાવાદ.

૬ નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.

૭ રજી.શ્રી હાઇકોર્ટ ગુ.રા.અમદાવાદ.

૮ રજી.શ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ.

૯ રજી.શ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ.

૧૦ ચીફ મેટ્રો.મેજી.શ્રી અમદાવાદ શહેર.

૧૧ સંયુકત પો.કમિ.શ્રી સેકટર.૧, ૨, ક્રાઇમ, ટ્રાફીક, મુખ્ય મથક અમદાવાદ શહેર

૧૨ તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

૧૩ મેનેજરશ્રી ગવમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારુ.

૧૪ તમામ મ.પો.કમિ.શ્રીઓ અમદાવાદ શહેર.

૧૫ સીનીયર પી.પી.શ્રી અમદાવાદ શહેર.

૧૬ જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સા સારુ.

૧૭ તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારુ.

૧૮ પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

૧૯ પો.સ.ઇ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.